## પ્રાંતિજ નગરપાલિકાની બેદરકારી આઠ દિવસથી ઢબુનગર રબારી વિસ્તારમાં પીવાનું પાણી મળતુ નથી

# જેટકોના અધિકારીની બેદરકારીના લીધે અડધો ડઝન ગામોમાં અંધારપટ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લામાં હજુ વરસાદની ધમાકેદાર શરૂઆત થઈ નથી ત્યાં જ વિજતંત્રના જેટકોના



બેદરકાર અધિકારીના પાપે લોકોએ અંધારપટમાં રહેવાનો વારો આવ્યો હતો. મોડાસાના મેઢાસણ ૬૬ કેવી સબસ્ટેશનમાં આવેલા અડધો ડઝનથી વધારે ગામોને મંગળવારની મોડી રાત્રે જેટકોના જુ.એન્જીનિયરની બેદરકારીના લીધે ગરમીમાં બફાવુ પડ્યું હતું.ર

મંગળવારની રાત્રે માત્ર છાંટા થતાં જ ૬૬ કેવી મેઢાસણમાં આવેલા ખંભીસર જ્યોતિગ્રામમાં આવેલા ખંભીસર, વાંટા રામપુર, દાવલી, ગઢડા, ગઢડા કંપા, ઉમિયાનગર, રામપુર, બોડી, અમૃતપુરા કંપા ગામોમાં વીજળી ડુલ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં યુજીવીસીએલના કર્મચારીઓ અને સ્થાનિકોએ તાત્કાલિક પેટ્રોલીંગ કરી લાઈનમાંથી ફોલ્ટ શોધી કાઢ્યો હતો અને વિજ પુરવઠો ફરી ચાલુ કરવા જેટકોના હાજર ઓપરેટરોને કહ્યું હતું પરંતુ ઓપરેટરોના કહેવા મુજબ વિજપુરવઠો ફરી ચાલુ કરવા માટે જેટકોના જુ. એન્જીનિયર આર.આર. પટેલની પરવાનગી લેવી પડે તેમ હોઈ ઓપરેટરોએ ફોન કરતાં જવાબદાર અધિકારીનો ફોન સ્વિચ ઓફ આવતો હોઈ મોડી રાત્રીથી ઓપરેટરો અને સ્થાનિકોએ વારંવાર આ અધિકારીને ફોન કર્યો હતો પરંતુ ફોન સ્વિચ ઓફ હોઈ વિજપુરવઠો ચાલુ થઈ શક્યો ન હતો. આમ બેજવાબદાર અધિકારીના લીધે અડધો ડઝનથી વધુ ગામોના લોકોને અંધારમાં અને ગરમીમાં બફાવાનો વારો આવ્યો હતો.

# અરજદારોને અપાતા જુદા જુદા પ્રકારના લાયસન્સોની વેલીડીટી સમયમર્યાદા ૧૦ વર્ષની કરવા વિચારણા

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકારના કેટલાક વિભાગો દ્વારા આપવામાં આવતા જુદા જુદા પ્રકારના પરવાના/ લાયસન્સની વેલીડીટી સમયમર્યાદા વધારીને ૧૦ વર્ષ કરવાની સક્રિય વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના કેટલાક વિભાગો દ્વારા રાજ્યમાં જુદા જુદા હેતુઓ માટે અરજદારોને મેળવવાના થતા પરવાના લાયસન્સો આપવામાં આવે છે. જેમાં પરવાનાઓની જુદી જુદી વેલીડીટી સમય હોય છે તેના કારણે એક સૂત્રતા જળવાતી નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક પરવાનાઓની વેલીડીટીનો સમય ૧ વર્ષ, ૨ વર્ષ કે ત્રણ વર્ષ માટે વેલીડ હોય છે. આથી આવા જુદા સમય વેલીડીટીનો હોવાને કારણે એકસૂત્રતા રહેતી નથી.

આથી રાજ્ય સરકારે પરવાનાના વેલીડીટી પીરીયડ આવા જુદા જુદા રાખવાને બદલે તમામ પ્રકારના પરવાનાની વેલીડીટી સમય ૧૦ વર્ષનો કરવા માટે અને આ ફેરફાર કરવા માટે કાયદા અને નિયમોની જોગવાઈને આધિન વિચારણા કરવા માટે સંબંધિત વિભાગોને સૂચનો આપવામાં આવતા આ વિભાગો દ્વારા પરવાનાની વેલીડીટી સમય ૧૦ વર્ષનો કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# બાળકોના હોમવર્ક-દફતરનું વજન ઘટાડવા માટે આદેશ

રાજ્યમાં જ્યાં એક તરફ ભાર વિનાના ભણતરની મોટી મોટી સરકારી જાહેરાતો કરવામાં આવે છે ત્યારે બીજી તરફ વિવિધ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને તેની ઉંમર કરતા વધુ પડતું હોમવર્ક આપવામાં આવે છે જ્યારે તેના શરીરના વજન કરતા દફતરનું વજન પણ અનેકગણું હોવાની વારંવાર રજૂઆતો કરવામાં આવ્યા બાદ રાજ્યના પોરબંદર જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા શાળા સંચાલકોને આદેશ કરવામાં આવતા શાળા સંચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાની વિવિધ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને વધુ પડતુંહોમવર્ક અપાતુંઅને તેઓને શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને વધુ પડતું હોમવર્ક અપાતું હોવાનું અને તેઓને શાળાએ લઈ જવાના દફતરનું વજન ગજા બહારનું હોય તેવી રજુઆતો કરવામાં આવી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને વધુ પડતું અને કક્ષા કરતાં વધુ સમયું હોમવર્ક આપવામાં આવે તો વિદ્યાર્થીઓ માટે બોજારૂપ બની જતું હતું. ધ્યાનમાં લઈ પોરબંદરના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ એક ખાસ પરિપત્ર કરીને હોમવર્ક અંગે મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ના પેટા નિયમ ૧૨૪ હેઠળ વિદ્યાર્થીઓને ધોરણવાર હોમવર્ક આપવા ધો-૧, ૨ ધોરણ કોઈ પણ પ્રકારનું હોમવર્ક આપવું નહીં, ધોરણ ૩ થી ૫ સુધી દરરોજ અડધો કલાક, ધોરણ ૬ થી ૮ સુધી દરરોજ એક કલાક હોમવર્ક અંગે શાળાઓ દ્વારા ઉપરોક્ત જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવામાં આવે-ઠરાવેલી સમયમર્યાદા મુજબનું જ હોમવર્ક આપવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાના કડક આદેશો કરતા સંચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

## મતદાન નોંધાયુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ૫૭૪૭ સ્ત્રી મતદારોએ મતદાન કર્યુ છે. નારદીપુર, મોખાસણ અને પાનસરમાં સારૂ મતદાન થવા પામ્યુ છે.

આજે આ પેટા ચૂંટણીને લઈ કામગીરીની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટર સતીષ પટેલ કલોલ પહોંચ્યા હતા. તેમણે મતદાનની વિગતો મેળવી મતગણતરી માટેની કરાયેલી તૈયારીની સમીક્ષા કરી હતી.

આ બેઠક પર ૬ જેટલા મતદાન મથક સંવેદનશીલ હોવાથી કલેક્ટરે કાયદો અને વ્યવસ્થાની આ મથકોની સ્થિતિને ધ્યાને લઈ પણ ખાસ સમીક્ષા કરી હતી. જો કે આજે મતદાન સંપૂર્ણ શાંતિપૂર્ણ રહેવા પામ્યુ હતુ.

સવારે મતદારોએ ઉત્સાહ દાખવ્યો હતો અને ૧૨ વાગ્યા સુધીમાં ૨૫ ટકા જેટલુ મતદાન નોંધાયુ હતુ. જો કે બપોરના સમયે તેમાં ઘટાડો થયો હતો અને ૪ વાગ્યા સુધીમાં માત્ર વધુ ૨૧ ટકા જેટલુ મતદાન થયુ હતુ. જ્યારે છેલ્લા કલાકમાં ૫ ટકા જેટલુ જ મતદાન નોંધાયુ હતુ.

દહેગામ નગરપાલિકાની પેટા ચૂંટણીમાં પણ ૫૦ ટકા જેટલુ જ મતદાન નોંધાયુ હતુ. શાંતિપૂર્ણ મતદાન સંપન્ન થયા બાદ બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષના આગેવાનોએ વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

છ માસના ટુંકાગાળામાં જ આવી પડેલી આ પેટા-ચૂંટણીને લઈ જિલ્લામાં રાજકીય ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે.

મંગળવારે ૧૨ વાગ્યા સુધીમાં બન્નેબેઠકોના પરિણામ જાહેર થઈ જશે. આ માટે મતગણતરીની તૈયારીમાં તંત્ર જોતરાઈ જવા પામ્યુ છે.



## ચિલોડા પોલીસ મથકમાં રીક્ષાચાલકો સાથે પોલીસની બેઠક યોજાઈ

વિવિધ ગુન્હાનો ભેદ ઉકલવા ચિલોડા પોલીસ મથકમાં પી.આઈ. એલ.ડી.વાઘેલાએ ચિલોડા વિસ્તારના ૨૦૦ જેટલા રીક્ષા ચાલકો સાથે બેઠક યોજી હતી. જેમાં ટ્રાફિકના નિયમોનું પાલન કરવા તથા વિવિધ પ્રકારના ગુન્હાને બનતા અટકાવવા પોલીસને મદદરૂપ થવા માર્ગદર્શન આપી આહવાન કર્યું હતું. રીક્ષા ચાલકની સતર્કતાથી ભૂતકાળમાં અનેક ગુન્હાઓ ઉકેલાયા છે જેથી આવનાર દિવસોમાં ગુન્હા બનતા પહેલા જ રીક્ષા ચાલકોની મદદથી તેને અટકાવી શકાશે. તેવો વિશ્વાસ પી.આઈ. વાઘેલાએ વ્યકત કર્યો હતો.

## મહેસાણામાં આજે વિશ્વ વસતી દિનની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૧૦

મહેસાણા જિલ્લા આરોગ્ય તંત્રદ્વારા ૧૧ જુલાઈ ૨૦૧૬ના રોજ વિશ્વ વસતી દિન અને સઘન ઝાડા નિયંત્રણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવનાર છે. ૧૧ જુલાઈ ૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯.૪૫ કલાકે મહેસાણા ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ એસોસીયએટ હોલ, મોઢેરા સર્કલ જીઆઈડીસી મહેસાણા ખાતે કાર્યક્રમ યોજાનાર છે.

આ કાર્યક્રમમાં સાંસદ જયશ્રીબહેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રણજીતસિંહ ઠાકોર, જિલ્લા કલેક્ટર આલોકકુમાર, જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગા સહિત અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે. વિશ્વ વસતી દિનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જિલ્લા આરોગ્ય અધિકારીએ આમંત્રણ પાઠવેલ છે.

# કેન્દ્રના નાણામંત્રીએ ટેલીફોન કંપનીઓની વકીલાત કરી હોવાનો આક્ષેપ કરતા શકિતસિંહ

અમદાવાદ, તા.૧૦

કેન્દ્રના નાણામંત્રી અરૂણ જેટલીએ નાણામંત્રી તરીકે દેશની પ્રજાની તિજોરીના નાણાનું નુકશાન ન થાય તેની ચિંતા કરવી જોઈએ તેના બદલે કમનસીબે ૪૫ હજાર કરોડના મોદી સરકારના ટેલીફોન કૌભાંડમાં નાણામંત્રીએ ગોટાળા કરનારી ટેલીફોન કંપનીઓની વકીલાત કરી છે તેવો આક્ષેપ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા શકિતસિંહ ગોહિલે કર્યો છે.

કેન્દ્રની ભાજપ સરકાર અને કેન્દ્રના નાણા મંત્રી પર આકરા પ્રહારો કરતા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા શકિતસિંહ ગોહીલે જણાવ્યું હતું કે ૧૯૯૯થી પ્રાઈવેટ ટેલિફોન કંપનીઓ તેમના એકાઉન્ટ કેગ ને કે સરકારને ઓડીટ કરવા દેતા ન હતા. કેન્દ્રમાં કોંગ્રેસની સરકારે સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર પીટીશન કરીને ટેલીફોન કંપનીઓ દેશની જુદી જુદી અદાલતોમાં સ્ટે મેળવીને બેઠી હતી તે તમામ મેટરો સુપ્રિમ કોર્ટમાં લાવીને સરકારની તરફેણમાં એપ્રિલ ૨૦૧૪માં ફાઈનલ નિર્ણય કરાવ્યો.

તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ સરકારના કારણે પ્રાઈવેટ ટેલીફોન કંપનીઓ કે જે ભાજપની કેન્દ્રમાં સરકાર હતી ત્યારથી એટલે કે ૧૯૯૯થી ગોટાળા કરતી હતી તેના એકાઉન્ટ કેગ ઓડીટ કરી શકે તે માટે રસ્તો ખુલ્લો કર્યો ત્યારબાદ કેગ એ પોતાની રીતે જ ચાર વર્ષનું ઓડીટ કર્યું તેના કારણે પ્રાઈવેટ ટેલીફોન કંપનીઓએ ૧૨ હજાર કરોડ સરકારને દેવાના થાય.

કેગ એ તટસ્થ અને બંધારણીય ઓડીટ એજન્સી છે તેના ઓડીટ પછી એમ્પેનલ્ડ ઓડીટર મારફત ઓડીટ કરાવવાનો મંત્રી રવિશંકર પ્રસાદનો નિર્ણય ભ્રષ્ટાચાર માટેનો જ સ્પષ્ટ દેખાય છે તેવો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે કેગના ઓડીટ પછીનું બીજું ઓડીટ શા માટે?

પાયાના સવાલોના જવાબ આપવાના બદલે જેટલી અને રવિશંકર પ્રસાદ પ્રાઈવેટ ટેલિફોન કંપનીઓની વકીલાત કરી રહ્યા છે જે દર્શાવે છે કે કુલ ૪૫ હજાર કરોડના ભ્રષ્ટાચારમાં આખી મોદી સરકાર સામેલ છે તેવો આક્ષેપ તેમણે કર્યો હતો.

# મોડાસા-હિંમતનગર માર્ગ પરથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

## પોલીસે ૧.૩૯ લાખના દારૂના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરી

મોડાસા, તા. ૧૦

મોડાસા-હિંમતનગર માર્ગ પરથી અરવલ્લી એલસીબી પોલીસે બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવતી દારૂ અને બિયરનો જથ્થો ભરીને આવતી સ્વીફ્ટ કારને ઝડપી પાડી હતી. પોલીસે કુલ રૂ. ૬.૪૭ લાખના મુદ્દામાલ સાથે એક બુટલેગરની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા-હિંમતનગર માર્ગ પરથી રાજસ્થાન તરફથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરી સ્વીફ્ટ કાર પસાર થવાની છે જે બાતમીના આધારે પોલીસે વૉચ ગોઠવી હતી અને બાતમીની હકિકત દર્શાવતી સફેદ રંગની મારૂતિ સ્વીફ્ટ કાર નં. જીજે-૧-આરએ-૮૮૭૧ને અટકાવી તપાસ કરતા કારમાંથી ૩૭ પેટી દારૂ અને ૨૪૦ નંગ ટીન મળી કુલ ૯૯૬ નંગ બોટલ કિં. રૂ. ૧.૩૯ લાખનો દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે મોબાઈલ, રોકડ, કાર મળી કુલ ૬.૪૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



હતો. પોલીસે કારના ચાલક લાહુરામ વ રીગારામ બિશ્નોઈ (સારણોકી ઢાણી, સાંચોર રાજસ્થાન)ની અટકાયત કરી હતી. પોલીસ આરોપી સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ભારે તારાજી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અશોકનગર, દતિયા, ભોપાલ, સિહોર, રાયસેન, વિદિશા, રાજગઢ અને હોશંગાબાદ જિલ્લાનો સમાવેશ થાય છે. મધ્યપ્રદેશણાં જે પ્રકારની પરિસ્થિતિ ઉભી થઈ છે તેને લઈને રાજ્યના મુખ્યમંત્રી દ્વારા રાઉન્ડ દ ક્લોક મિટિંગો આયોજિત કરવામાં આવી રહી છે. આ મિટિંગો બાદ રાજ્યના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે જ્યાં એક તરફ મૃતકોના પરિવારજનોને રૂપિયા એક એક લાખની સહાયની જાહેરાત કરી છે ત્યાં બીજી તરફ આવતીકાલે ભોપાલ નજીક હલાલીબંધ ખાતે આયોજિત કરવામાં આવેલી મંત્રીમંડળની બેઠકને મુલતવી રાખીને તમામ મંત્રીઓને પ્રભાવિત વિસ્તારોમાં જઈને ચાલી રહેલા રાહત અને બચાવ કાર્યોનું નિરીક્ષણ કરવા માટેના નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મધ્યપ્રદેશમાં ૧૨મી જુલાઈ સુધીમાં વરસાદ રોકાઈ શકે છે. તો બીજી તરફ મુખ્યમંત્રીના કહેવા મુજબ વાતાવરણમાં ભેજના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હાલ પણ વરસાદ ચાલુ છે. પૂર્વ મધ્યપ્રદેશમાં આવનાર ૨૪ કલાક બાદ વરસાદમાં ઘટાડો થઈ શકે છે. પુરથી પ્રભાવિત વિસ્તારોમાં સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ હોશંગાબાદમાં છે જ્યાં નર્મદા નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. રાજ્યમાં રાહત અને બચાવની કામગીરી માટે એસડીઆરએફ, એનડીઆરએફ સહિતની અનેક ટુકડીઓને કાર્યરત કરી દેવામાં આવી છે.

## હુમલાનો ખતરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્મમ હુમલો કરવામાં આવ્યો હતો એટલું જ નહીં પરંતુ આ હુમલામાં ૨૦ નાગરિકોની નિર્મમ હત્યા કરવામાં આવી હતી જેમાં એક ભારતીય મહિલાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ભારતના ગૃહ મંત્રાલયને એક બીજુ અત્યંત મહત્વનું ઈનપુટ મળ્યું છે જેમાં ભારતની નિયંત્રણ રેખા પાસે ૨૦૦થી વધુ આતંકીઓ ખાસ કરીને ઢોંગ, નાલા અને દરિયાઈ વિસ્તારોનો ઉપયોગ કરીને ગ્રુપ બનાવી ભારતમાં ખાસ કરીને કાશ્મીર ઘાટીમાં એક મોટી આતંકી ઘટનાને અંજામ આપી શકે છે. આતંકવાદીઓને જે ટાર્ગેટ આપવામાં આવ્યું છે તેમાં ભારતીય સુરક્ષા દળોને પણ નિશાન બનાવવાનો ટાસ્ક આપવામાં આવ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત તો એ ખુલવા પામી છે કે જે અનુભવી અને વિશ્વાસપાત્ર આતંકીઓ છે તેમને અલગ અલગ સ્થળોએ ભીડ એકઠી કરવા તેમજ પથ્થરમારો કરવાની કામગીરી સોંપવામાં આવી છે. આતંકવાદીઓને જમ્મુ કાશ્મીરમાં જે પર્યટન ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે અને જેને લઈને ખીણ પ્રદેશની અર્થવ્યવસ્થા વધુ મજબૂત બની રહી છે તેને તહસનહસ કરી નાંખવા માટે મોટા હુમલાને અંજામ આપવાનો ટાસ્ક સોંપવામાં આવ્યો છે. દરમિયાન ઘાટીમાં સુરક્ષા એજન્સીઓને સતર્ક કરી દેવામાં આવી છે. તમામ યુનિવર્સિટીઓમાં પણ સતત વોચ રાખવામાં આવી રહી છે જેથી કરીને આતંકવાદીઓ મોટી સંખ્યામાં યુવાનોને ગુમરાહ કરી આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ ન કરી શકે. આતંકવાદીઓના આ ઈરાદાને નિષ્ફળ બનાવવા માટે તમામ તૈયારીઓ કરવામાં આવી છે.

## રોમાંચક કાર ડ્રાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોમાંચક એડવેન્ચરથી ભરપૂર કારડ્રાઈવમાં સેલ્ફ ડ્રાઈવ કરી જોડાશે જેમાં પતિ-પત્નિ બંને વારાફરથી કાર ડ્રાઈવ કરશે.

ચંદીગઢથી લેહ-લદાખની ૧૨ દિવસની ડ્રાઈવમાં સામેલ થવા તેઓ તા. ૧૪મી જુલાઈએ વહેલી સવારે ગાંધીનગરથી નિકળી જયપુર અને તા. ૧૫મીએ જયપુરથી ચંદીગઢ પહોંચશે. આ સફરમાં કંપની તરફથી ટેકનિકલ સ્ટાફ તેમજ એક એમ્બ્યુલન્સ સાથે નિષ્ણાત ડૉક્ટર્સથી સજ્જ મેડીકલ ટીમ પણ જોડાશે. તા. ૧૬મીએ કંપની દ્વારા નિયત કરાયેલ રૂટ મુજબ તેમની સાહસિક કાર ડ્રાઈવનો પ્રારંભ થશે તે પહેલા તેમને જરૂરી સૂચનાઓ અને સાવચેતીઓ અંગે માહિતગાર કરાશે.

યોગેશ ગજ્જર અને ધ્રુવાંગી ગજ્જરે આ રાઈડ અંગે ગાંધીનગર સમાચાર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે 'તેઓ આ સફરમાં જોડાવા માટે અત્યંત રોમાંચિત છે.' હંમેશા દરેક સ્થળે પોતાની કાર દ્વારા જવાનો આગ્રહ રાખતુ આ દંપતિ કહે છે 'અમે અગાઉ નાના-મોટા પ્રવાસો અમારી કારમાં કરી ચુક્યા છીએ પરંતુ આ એક અલગ ડ્રાઈવ છે. આ સફરમાં સાહસ સાથે શારિરિક-માનસિક સજ્જતા અગત્યની છે. અમે જીવનના અનેક આયામો સાથે માણ્યા છે અને હવે એક બીજાના સાથના કારણે આ રોમાંચક સફર ખેડવા પણ એટલા જ તૈયાર છીએ. દુર્ગમ રસ્તાઓ અને નવા જ વાતાવરણમાં કાર ડ્રાઈવ કરવાનો ભરપુર આનંદ ઉઠાવવા અમે સંપૂર્ણ સજ્જ છીએ.'

## ભારે ચિંતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફસાયેલા યાત્રાળુઓમાં ૧૪ બસ પહેલગામ ખાતે રોકાઈ છે જ્યારે ૬ બસ શ્રીનગરમાં ફસાયેલી છે. ફસાયેલી બસો ઉપર સ્થાનિક લોકોએ પથ્થરમારો કર્યો હોવાનું પણ ફસાયેલા લોકો દ્વારા જાણવા મળ્યું હતું. લોકો અત્યારે ભયમાં જીવી રહ્યા છે અને તેમને પાર્કિંગ જેવી જગ્યાઓમાં આસરો લેવો પડી રહ્યો છે. વડોદરા અને આસપાસના સેંકડો યાત્રાળુ અને કેમ્પ સાથે સેવા આપવા ગયેલા ભક્તોનો સંપર્ક ન થતાં અત્રે પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ખાનગી ટ્રાવેલ્સના ૧૦૦ યાત્રાળુઓએ શહેરના ટ્રાવેલ્સ એસો.નો સંપર્ક સાધતા તેઓ રાત્રે નાયબ મામલદાર કેતન શાહને મળવા દોડી ગયા હતા. જેથી પાર્કિંગમાં રાતવાસો કરી રહેલા યાત્રાળુઓને યોગ્ય મદદ પહોંચાડી શકાય. જ્યારે જિલ્લા કલેક્ટર દ્વારા ૮ તાલુકાઓના મામલતદારોને અમરનાથ યાત્રાએ ગયેલા લોકોની વિગતો મેળવવાના આદેશ પાઠવ્યા છે. ભાવનગરથી અમરનાથ યાત્રાએ નિકળેલા પ્રવાસીઓ અંગે મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ ખીણ વિસ્તારમાં સ્થગિત કરી દેવામાં આવી હોઈ કોઈ સંપર્ક ભાવનગરના યાત્રીઓ સાથે ન થઈ શકતા ભાવેણાવાસીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ગ્રાન્ટથી વંચિત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં ૨૭ જેટલા ગામો આવે છે તેમને આ રકમ ફાળવવામાં ન આવતાં સરકારમાં રજુઆત કરવામાં આવી છે.

આ પંચાયતો પણ અલગથી સરકારમાં રજુઆતો કરી છે. ગાંધીનગર તા.પં.ની સામાન્યસભામાં પણ આ મુદ્દો ચગ્યો હતો. તો જિલ્લા સત્તાવાળાઓએ કરેલી રજુઆત પછી પણ કોઈ ઉકેલ ન આવતાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અન્યાયની લાગણી સાથે રોષની લાગણી ઉભી થવા પામી છે.

બીજી તરફ મહેસુલી ગામોમાંથી અલગ થયેલ પંચાયતોને પણ સરકાર દ્વારા મહેસુલી ગામનો દરજ્જો નહિ મળતાં આ ગામોને પણ ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ મળી નથી. વસ્તીના ધોરણે આ ગ્રાન્ટ ફાળવણીની માર્ગદર્શક નીતિ નક્કી કરવામાં આવી છે પરંતુ તંત્ર દ્વારા આ અંગે કોઈજ નક્કર કામગીરી ન થતાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રોષની લાગણી વધતી જાય છે. સંતુલિત વિકાસની વાતો કરતી સરકાર કયા વિકાસને પ્રાધાન્ય આપે છે તેની સામે પણ પ્રશ્નો ઉભા કરી ગ્રામજનો ચર્ચાઓ કરી રહ્યા છે.

## શાળાઓ બપોરની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી તરફ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે ગુણોત્સવ-૬માં નબળા પરિણામ વાળી ખાસ કરીને સી અને ડી ગ્રેડ મેળવનાર શાળાઓ જિલ્લાના અધિકારીઓને દત્તક આપવામાં આવી છે. ૪૦થી વધુ અધિકારીઓને આ શાળાઓ દત્તક અપાઈ છે તેઓ દર પંદર દિવસે આ શાળાઓની મુલાકાત લેશે એટલુ જ નહિ ઉપચારાત્મક વર્ગોનું મૂલ્યાંકન શાળા કક્ષાએ જ કરશે.

જિલ્લામાં ૫૯૪ શાળાઓમાં ૧,૩૬,૦૦૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. હવે શાળાના સમયમાં ફેરફાર થતાં બાળકો પર શિક્ષણનું ભારણ પણ ધીમી ગતિએ વધારવામાં આવશે. ખાસ કરીને લેખન-ગણન-વાંચન માટે ખાસ તાલિમબદ્ધ કરી ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટેના તમામ પ્રયાસો કરાશે.

જો કે જિલ્લામાં ચોમાસુ હજુ જામ્યુ નથી પરંતુ છ દિવસના વિલંબ બાદ તંત્ર આ ફેરફારના અમલ માટે આગ્રહી બન્યુ છે.

## પહેલી પેઢી છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટોન પર જવાબ આપવો. મા બાપ બનવાની કોઈ સ્કુલ હોતી નથી. બની જવાય છે. સનસેટ અને સનરાઈઝ જોવાની જરૂર નથી બાળકની વાતનુ ધ્યાનથી નિરિક્ષણ કરો એટલે સુર્યોદય આપોઆપ થઈ જાય છે. પરંતુ આપણે તેના ફેઈલિયર માટે જ કોન્ફિડન્ટ હોય તેવી સ્થિતિ સર્જાય છે. આજે બાળકને ગળા સરસો રાખવાનો હોય ત્યારે જ અળગો કરી દેવાય છે. દરેક પેઢીના સમીકરણો હોય છે. માં બાપને શિક્ષક ખુશ થાય તેવુ ભણે તો મજા આવે પરંતુ દરેક બાળક જોઈને જ શીખે છે બાળકો તમારી પ્રત્યેક વાત સાંભળે છે તમારી કહેવાની રીત યોગ્ય હોવી જોઈએ. તેમણે જણાંવ્યુ હતુ કે આજના બાળકને નિશાળમાંથી ભાગવાનુ પણ નસીબ થતુ નથી. વાડાબંધી અને કવચના લીધે બહારની દુનિયા જોવા મળતી નથી. આવા સંજોગોમાં માતાપિતાનુ સંયુકત દામપત્યજીવન બાળક પર વિશેષ રીતે રિફલેકટ કરે છે. આજના યુગમાં સંતાનની ટી વી, મોબાઈલ ફુડ હેબીટ મમ્મીને સતાવે છે. બાળક પર વિશ્વાસ મુકતા શીખીએ તો સાચુ બોલશે તે પણ જોવાની જરૂર છે. માં બાપે પોતાના પાલ્યનો જેવો હોય તેવા સ્વરૂપમાં સ્વીકાર કરવો જાઈએ.માલિકીભાવ, ગુસ્સો અને હરિફાઈનો અભિગમ છોડી ટેઢા હૈ પર મેરા હૈ નો અભિગમ અપનાવવો જોઈએ. તેમણે બાળકોના માતાપિતાને સંબોધતા જણાંવ્યુ હતુ કે તેમણે બાળકને કાઈપણ પ્રકારનુ સર્ટીફિકેટ ન આપવુ જોઈએ. કરિયરની ચિંતા કરવાનો યુગ વિતી ગયો છે. માતા પિતાએ બાળકની હાજરીમાં ક્યારેય ઝઘડો ન કરવો પરંતુ ભરપુર પ્રેમ કરવાની અનિવાર્યતા છે. માં બાપ અને શિક્ષકો બાળકા માટે જાણે જજ બન્યા છે. સાચુ કહો તો પ્રત્યેક બાળકને તેને ગમતી કલાત્મક પ્રવૃતિમાં પણ જોડી દેવાની અનિવાર્યતા છે. બાળકને મનગમતી વસ્તુમાં જોડી દઈએ તો જીવનમાં ક્યારેય આત્મહત્યા કરવાનો વિચાર પણ નહીં આવે. જયારે નાનપણથી જ તેને મહીલાનુ સન્માન કરવાનુ શિખવાડની સાથે જાતિય સુરક્ષાના મામલે પણ વાલીઓએ જાગૃત રહેવાની અનિવાર્યતા હોવાનુ તેમણે જણાંવ્યુ હતુ.